Publication: Sandesh| Edition: Ahmedabad
Date: June 11, 2024| Page No: 02|Dairying
Headline: After the hike in Amul milk prices now increase in curd price too

### મસ્તી દહીંનાં જુદાં-જુદાં પેકિંગમાં રૂ.૧થી ૧૦નો વધારો

# અમૂલ દૂધના ભાવ વધારા બાદ હવે દહીંના ભાવમાં પણ વધારો

। વલ્લભવિદ્યાનગર ।

અમૂલ બ્રાન્ડના દુધના પ્રતિલીટરે ૩જી જુનથી ૧ થી ૩ રૂપિયાનો વધારો ઝીંકાયા બાદ ફેડરેશને દહીની જુદી-જુદી વેરાઈટીના ભાવોમાં ૧ રૂપિયાથી લઈને ૧૦ રૂપિયા સુધીનો વધારો કર્યો છે.

આણંદ સ્થિત ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન-આમૂલ દ્વારા ૩જી જુનથી અમુલ બ્રાન્ડના ગોલ્ડ, શક્તિ, ટી-સ્પેશીયલ, કાઉ મિલ્ક, બફેલો મિલ્કના ભાવોમા પ્રતિલીટરે ૧ થી ૩ રૂપિયાનો વધારો કર્યો છે. ગુજરાત, દિલ્હી અને એનઆરસીમા પ્રતિદિને લાખો લીટર દુધનુ દૈનિક વેચાણ થતુ હોઈ માત્ર ૧ થી ૩ રૂપિયાનો ભાવવધારો લોકોના ખિસ્સા ઉપર મોટુ આર્થિક ભારણ પડે છે. ત્યાંજ ફેડરેશન દ્વારા અમૂલ ઉત્પાદિત મસ્તી દહીં બ્રાન્ડના ભાવોમા જુદા-જુદા પેકીંગ મુજબૉ વધારો કર્યો છે. જેમાં મસ્તી દહી ૨૦૦ ગ્રામનુ પેકેટના અત્યાર સુધી ૧૮ રૂ. વસુલાતા હતા તેના સ્થાને ૦૧ રૂપિયાનો વધારો થતાં ગ્રાહકોએ ૧૯ રૂપિયા ચુકવવા પડશે. જયારે મસ્તી દહીના ૨૦૦ ગ્રામ બકેટમાં ૨૨ રૂપિયાના સ્થાને ૦૧ રૂપિયાનો વધારો થતાં કિંમત ૨૩ રૂપિયા થઈ છે. મસ્તી દહીં ૪૦૦ ગ્રામમાં ૩૪ રૂપિયાના સ્થાને ૦૧ રૂપિયાનો વધારો થતાં ૩૫ રૂ, મસ્તી દહીં ૧ કિલોમાં ૭૨ના સ્થાને ૦૩ રૂપિયાનો વધારો થતાં કિંમત ૭૫ રૂા ઉપર પહોંચી છે. જયારે મૉમસ્તી દહીંનુ ૧ કિલોનુ બકેટ ૧૦૦ રૂામા ઉપલબ્ધ હતુ તેમા રૂ ૧૦નો વધારો થતાં હવેથી ૧૧૦ રૂા વસુલાશે, દહીના ભાવવધારા બાદ અન્ય ડેરીપેદાશોના ભાવોમા પણ તબક્કાવાર ભાવવધારો તોળાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

### મસ્તી દહીંનું કિલોનું બકેટ ૧૦૦ને બદલે હવે રૂ.૧૧૦